<u>વર્ષ ૨૦૨૪-૨૫ નવી બાબત</u>

**ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી (GSTES) હસ્તકની કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ માટે રીકરીંગ ગ્રાન્ટમાં પ્રતિ વર્ષ રૂ.૫૭,૧૦૦ થી વધારીને રૂ.૭૦,૦૦૦/- કરવા માટે કુલ રૂ.૧૯.૬૭ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: TDD/BUD/e-file/25/2023/1687/P
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગરનો તા.૨૬/૧૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક: GSTES/GLRSI/e-file/237/2023/0598/GLRS.

**પ્રસ્તાવના :-**

કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ શરૂ કરવા માટે ભારત સરકારના આદિજાતિ મંત્રાલયે તા.૧/૪/૨૦૦૮ થી "કન્યા નિવાસી શાળા" ની યોજના જાહેર કરેલ છે. આ યોજના અન્વયે ૨૫% થી વધુ આદિજાતિ વસ્તી ધરાવતા જીલ્લાઓ, કે જેમાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ ૩૫% જેટલું હોય, તેવા વિસ્તારોમાં આ શાળાઓ શરૂ કરવાનું નક્કી થયેલ હતું. જે મુજબ હાલમાં કુલ ૧૧ જિલ્લાઓમાં ૪૩ કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે.

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ થી રીકરીંગ ગ્રાન્ટ રૂ.૫૭,૧૦૦/- પ્રતિ વિદ્યાર્થીદીઠ વાર્ષિક ફાળવણી કરવામાં આવે છે. આ રીકરીંગ ગ્રાન્ટમાં વિદ્યાર્થીઓના ભોજન, ગણવેશ, શિક્ષકોના પગાર, પ્રવાસ, પાઠ્યપુસ્તકો, ટોયલેટરી, સ્ટેશનરી લાઇટબીલ, ટેલીફોન બીલ, શાળાઓના અન્ય તમામ વહીવટી ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે.

હાલમાં મોંઘવારીનો દર ઉત્તરોત્તર વધતો જોવા મળે છે તેમજ ભારત સરકાર દ્વારા એકલવ્ય મોડેલ રેસિડેન્શીયલ શાળાઓ માટે પ્રતિ વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૧,૦૯,૦૦૦/-ની રીકરીંગ ગ્રાન્ટની જોગવાઈ છે તથા ગુજરાત સરકાર પુરસ્કૃત ૧૨ ઈ.એમ.આર.એસ. શાળાઓમાં પ્રતિ વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૭૦,૦૦૦/- રીકરીંગ ગ્રાન્ટની જોગવાઈ છે.

ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતી ઉક્ત બન્ને પ્રકારની નિવાસી શાળાઓમાં પ્રતિ વિદ્યાર્થીદીઠ પ્રતિ વાર્ષિક ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં એકસુત્રતા જળવાય તે માટે ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટીના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) પરના પત્રથી કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓમાં રીકરીંગ ગ્રાન્ટમાં વધારો કરવા માટે નવી બાબત તરીકે જોગવાઈ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટીના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) પરના પત્ર અન્વયે સોસાયટી હસ્તકની કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ માટે રીકરીંગ ગ્રાન્ટમાં પ્રતિ વર્ષ રૂ.૫૭,૧૦૦/- થી વધારીને રૂ. ૭૦,૦૦૦/- કરવા માટે કુલ રૂ. ૧૯.૬૭ કરોડની નવી બાબતને વર્ષ ૨૦૨૪-૨૫માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર હસ્તકની કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ માટે રીકરીંગ ગ્રાન્ટમાં પ્રતિ વર્ષ રૂ. ૫૭,૧૦૦/- થી વધારીને રૂ. ૭૦,૦૦૦/- કરવા માટે કુલ રૂ. ૧૯.૬૭ કરોડ (અંકે રુપિયા ઓગણીસ કરોડ સડસઠ લાખ પુરા)ની નવી બાબતને વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતોઃ**

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી અમલીકરણ એજન્સીએ રાખવાની રહેશે.

(૨) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૩) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૪) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટ પ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/ કીટની ગુણવત્તા સુનિશ્રિત કરવાની રહેશે.

(૫) નાણાકીય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૬) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૭) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૮) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૯) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૦) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૧) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૧૨) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૪) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૫) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૬) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૭) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૮) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૯) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર:૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર:૮૯-વી.કે.વાય-૧૫ ગુજરાત આદિજાતિ શૈક્ષણિક સોસાયટી હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: DISHABEN RAJESHBHAI PATEL
Organization Unit: Tribal Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 05-Mar-2024 (07:22 PM)

દિશા પટેલ

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :**

- માન, રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર,
- માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર,
- અગ્ર સચિવશ્રી(આ.વિ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ. વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર,
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, સેકટર: ૧૦/એ, ગાંધીનગર,
- તમામ પ્રાયોજના વહીવટદારશ્રી (GSTESની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર,
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ